સ્ટેમ્પ

# હલકા દબાણ ઉપર વીજળી વાપરતા ગ્રાહકોએ આપવાનું બાંહેધરી ખત

(૧) આથી હું/અમો ઉત્તર ગુજરાત વીજ કંપની લી. હવે પછીના લખાણમાં જેને કંપની તરીકે ઓળખવામાં આવેલ છે સાથે મારા/અમારા ____________ આવેલ સ્થળો ____________________ ના ઉપયોગ માટે ____________ તારીખથી અથવા અગાઉ ખબર આપવામાં આવેલી બીજી કોઈ તારીખેથી ઓ... બાણના ______________ હો.પા./કી. વોટના પુરવઠા માટે જોડાણ કર્યુ હોઈ/પ્રથમ તબક્કે માગણી કર્ય હોઈ અથવા મારા/અમારા હાથ બહારના કારણો લઈને વીજળી નહીં લઈ શકવાથી જો. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી અથવા તો એમના તરફથી અધિકૃત કરેલા અધિકારીશ્રી તરફથી લંબાવવામાં આવેલી તારીખથી વિજળીનો પુરવઠો લેવા સંમત છું/છીએ અને ઉપર જણાવેલી વીજળીને પુરવઠો શરૂ કર્યા તારીખથી વખતો વખત અમલમાં આવેલા અને જુદા જુદા પ્રકારના ગ્રાહકોને લાગુ પડતાં કંપનીના મુકરર કરેલા દરનાં પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ ભરવાને પાત્ર માસિક ન્યૂનતમ રકમ ભરવા માટે આથી બંધાઈએ છીએ. અને નીચે કલમ (૨)માં જ દર્શાવ્યા મુજબની વાર્ષિક ન્યૂનતમ રકમ ભરવા માટે આથી બંધાઉ છું/બંધાઈએ છીએ.

(૨) કંપનીએ સ્વીકારેલી વિશિષ્ટ જવાબદારી અને/અથવા વીજળીનો પુરવઠો પુરો પાડવા માટે કંપનીને કરવા પડેલ રોકાણોને અનુલક્ષી હું/અમો જે ચાલું વીજળીના દરને હિસાબે માસિક ન્યુનતમ રકમ ભરવાની હોય તેને આધીન રહીને વપરાયેલી વીજળી માટે રૂા. ________________ થી ઓછી નહીં તેટલી કુલ વાર્ષિક ન્યૂનતમ રકમ ભરવા બાંહેધરી આપું છું/આપીએ છીએ. બાંહેધરીથી બંધાયેલ વાર્ષિક ન્યૂનતમ રકમ અને ચોક્કસ ભરેલા માસીક રકમ ઓછી હશે તો દરેક બાર માસના સમયને અંતે હું/અમે ભરવા બંધાઉ છું/બંધાઈએ છીએ.

ઉપર જણાવેલી વીજળીનો પુરવઠો શરૂ કર્યાની તારીખ પછી મારા/અમારા સંયોજીત ભારમાં વધારા કરવા માટે મારી/અમારી વિનંતી ઉપરથી જો. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી અથવા તેમના તરફથી અધિકૃત અધિકારીથી તેમની આખરી વિવેકબુદ્ધિથી આકારેલા વધારે ભારનો વધારાનો ખર્ચ ભર્યા પછી જો. મેને. ડાયરેક્ટરશ્રી અથવા તેમના તરફથી અધિકૃત કરેલા અધિકારીશ્રી મારે/અમારે ભરવાના ન્યૂનતમ રકમમાં સપ્રમાણમાં વધારો કરશે. તે પ્રમાણે ન્યૂનતમ રકમ ભરવા માટે હું/અમો બંધાઉ છું/બંધાઈએ છીએ. પાણીના પમ્પ ચલાવવા માટે ખેત ગ્રાહકોને આપવામાં આવતો વીજળીનો પુરવઠો શરૂ કરવાની તારીખ જો ૧ જાન્યુઆરીથી બીજી કોઈ હશે તો તેવા કિસ્સામાં જે વર્ષમાં પુરવઠો ચાલુ કર્યો હશે તો તે વર્ષની ૩૧ ડિસેમ્બરે પુરા થતાં ૧૨ માસ કરતાં ઓછા ગાળા માટે ન્યૂનતમ રકમ ભાગે પડતી ગણવામાં આવશે.

(૩) આથી હું/અમો વધુમાં સંમત થાઉં છું/થઈએ છીએ કે કંપનીની વીજળીનો પુરવઠો પુરો પાડવા માટેની શરતો અને પ્રકીર્ણ દરો વખતો વખત અમલમાં હોય તે જે મે/અમોએ જોયાં/વાચાવ્યા છે તે બંધનકર્તા છે.

(૪) આથી હું/અમો સંમત થાઉં છું/થઈએ છીએ કે જેનો અત્રે ચોક્કસ ઉલ્લેખ ન થયો હોય તેવી બધી બાબતોમાં ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ના કાયદામાં જણાવેલ અથવા વીજળીશક્તિના વિતરણ અને વપરાશમાં ચાલું બીજા કોઈ કાયદાઓમાં જણાવેલ અને તેના આધારે બહાર પાડવામાં આવેલ ધારાધોરણોથીજ વખતો વખત અમલમાં હોય તેવી જોગવાઈ લાગુ પડશે.

★(૫) આથી હું/અમો જાહેર કરૂ છું/કરીએ છીએ કે આ બાંહેધરી ખતને આધારે વિદ્યુત શક્તિ વપરાશમાં ચાલુ રાખવાનો ગાળો ઉપર જણાવેલી વીજળીનો પુરવઠો ચાલુ કર્યાની તારીખ પછીના માસના પહેલા દિવસથી ઓછામાં ઓછો બે વર્ષનો રહેશે અને તે મહિનાનો રહેશે અને તે મારા/અમારા વારસદારો, એક્ઝીક્યુટર અને વહીવટદારોને બંધનકર્તા રહેશે.

L(૫) આથી હું/અમો જાહેર કરૂં છું/કરીએ છીએ કે આ બાંહેધરી ખતને આધારે વિદ્યુતશક્તિ આપવાનો ગાળો વીજળીનો પુરવઠો ચાલુ કર્યાની ઉપર જણાવેલી તારીખ પછીના જાન્યુઆરી માસથી બે વર્ષનો રહેશે અને તે પછી વર્ષથી વર્ષ પ્રમાણે રહેશે અને તે મારા/અમારા વારસદારો, એક્ઝીક્યુટર અને વહીવટદારોને બંધનકર્તા રહેશે.

(૬) તે છતાં ઉપર નક્કી કરેલ બે વર્ષના ગાળા પછી કોઈપણ સમયે કંપની જો. મેનેજીંગ ડાયરેક્ટરશ્રીને અથવા તો એમના તરફથી અધિકૃત કરેલા અધિકારીશ્રીને એક કેલેન્ડર મહીનાથી ઓછી નહિ તેવી લેખિત નોટીસ આપીને આ બાંહેધરી રદ કરવાનો હું/અમે/મારા/અમારો હક્ક અબાધિત રાખું છું/રાખીએ છીએ. અને

★ આ નોટીસનો સમય વિત્યા પછી આ બાંહેધરી રદ અને બાતલ થશે.

L કોઈપણ કેલેન્ડર વર્ષના ૧ ડીસેમ્બર અગર તો ત્યાર પહેલાંના કોઈપણ દિવસે નોટીસ આપ્યેથી આ બાંહેધરી ખત તે પછીના વર્ષની ૧ જાન્યુઆરીએથી રદ અને બાતલ થયું ગણાશે.

ઉપરના ફકરા ધારમાં દર્શાવેલા કાયદાઓ અથવા નિયમોની જોગવાઈ અનુસાર જો વિદ્યુત જોડાણ આપી નાંખવામાં આવ્યું હશે તો ઉપર કબુલેલા સમગ્ર સમય માટે ભરવી પડતી વાર્ષિક ન્યૂનતમ રકમ અને બીજી લેણી પડતી રકમ ભરવા માટેની જવાબદારીમાંથી હું/અમે મુક્ત ગણાશું નહિ.

★ આ ખેતીવાડી માટે વીજળી વાપરતા ગ્રાહકો સિવાયના ગ્રાહકોને લાગુ પડે છે.

L આ ખેતીવાડી માટે વીજળી ગ્રાહકોને લાગુ પડે છે.

સ્થળ :

તારીખ : ગ્રાહકની સહી

સાક્ષી : સહી

૧. નામ અને સરનામું ૧.

_______________________

_______________________

૨. નામ અને સરનામું ૨.

_______________________

_______________________ મારી હાજરીમાં સહી કરી આપી

સહી

નાયબ ઈજનેર/કાર્યપાલક ઈજનેર

કંપનીના અધિકારીનું નામ અને હોદો